Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com

ISSN : 2321- 4708
May 2019, Year - 5 (73)
Paper ID : RRJ000020

# ‘शिशुपालवधम्’ મહાકાવ્યનો કથાસાર

સંશોધક
ડો. કુંજલ એચ. ત્રિવેદી
સંસ્કૃત વિભાગ, એન. એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર

---

‘मेघे माघे गतं वय:’ જેવી અનેક પ્રશસ્તિઓ જેની લોકપ્રિયતા દર્શાવે છે તેવા મહાકવિ માઘે મહાભારતના સભાપર્વના અધ્યાય ૩૩ થી ૪૫માં આવતી શિશુપાલની કથાનો આધાર લઈને સંસ્કૃત સાહિત્યને ‘शिशुपालवधम्’ નામના સુંદર મહાકાવ્યની ભેટ આપી છે. ૨૦ સર્ગમાં પથરાયેલા આ મહાકાવ્યમાં કુલ ૧૬૪૫ શ્લોકો છે. ‘शिशुपालवधम्’ મહાકાવ્યની કથાવસ્તુનો સર્ગવાર ટૂંકમાં સારાંશ નીચે મુજબ આપવામાં આવ્યો છે. તે જોઈએ.

**સર્ગ–૧ :**

મહાકાવ્યની શરૂઆત નારદજીના અવતરણથી થાય છે. નારદજીનું અવતરણ થતા જ કૃષ્ણ અર્ઘ્ય વગેરે પૂજા સામગ્રીથી તેનો સત્કાર કરીને આનંદવિભોર બની તેના આગમનના સમાચાર પૂછે છે. નારદ કહે છે કે શિશુપાલ નામનો રાક્ષસ અત્યારે પૃથ્વીને ભારે પીડા આપી રહ્યો છે. તેણે પહેલા હિરણ્યકશિપુ અને ત્યારબાદ રાવણનાં રૂપમા જન્મ લઈને દેવલોકમાં પણ ભય પેદા કર્યો હતો. આ દરેક સમયે તમે નૃસિંહ અને રામાવતાર ધારણ કરીને તેનો વધ કર્યો હતો.

અત્યારે આ શિશુપાલ દેવ–દૈત્ય અને દાનવ ઉપર ક્રૂરતા વર્ષાવી સમસ્ત જગતને પીડા આપી રહ્યો છે. તેથી આ દુષ્ટનો નાશ કરી પૃથ્વીને હળવી બનાવો. આમ ઈન્દ્રનો સંદેશો સંભળાવી નારદ ત્યાંથી વિદાય લે છે.

**સર્ગ–૨ :**

એકબાજુ નારદ ત્યાંથી રવાના થાય છે ત્યાં બીજી બાજુ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનું નિમંત્રણ આવે છે. આથી આ બે કામમાથી કયું કામ પહેલા કરવું તે બાબતે કૃષ્ણ ભગવાન બલરામ અને ઉદ્ધવ સાથે મંત્રણા કરે છે.

આ સર્ગમાં મહાકવિ માઘના રાજનીતિ વિષયક જ્ઞાનનો પરિચય મળે છે. સૌ પ્રથમ બલરામ વિવિધ ઉદાહરણો આપીને શિશુપાલ પર આક્રમણ કરવાનું કહે છે. પરંતુ ઉદ્ધવ તર્કપૂર્ણ યુક્તિથી સલાહ આપી યુધિષ્ઠિર પાસે જવાનું કહે છે. ત્યારબાદ કૃષ્ણ ઉદ્ધવની સલાહ માની યુધિષ્ઠિર પાસે જવાની તૈયારી કરે છે.

**સર્ગ–૩ :**

કૃષ્ણ કિંમતી આભૂષણો પહેરી, કૌમોદકી ગદા, નન્દક તલવાર, શાર્ઙ્ગ ધનુષ્ય, પંચજન્ય શંખ, ગરૂડ–ચિહ્નથી અંકિત થયેલ રથમાં વિરાજી ઈન્દ્રપ્રસ્થ (હસ્તિનાપુર) જવા પ્રયાણ કરે છે. આ સમયે કવિ દ્વારિકા નગરી, કૃષ્ણને જોવા ઉમટેલા નાગરીકો અને સમુદ્રનું સુંદર વર્ણન કરીને તૃતીય સર્ગને સમાપ્ત કરે છે.

**સર્ગ–૪ :**

આ સર્ગમાં કૃષ્ણનો સારથિ રસ્તામાં આવતા રૈવતક પર્વતનું મનોરમ વર્ણન કરતા કહે છે કે–

उदयति वित्ततोधर्वरश्मिरज्जावहिमरचो हिम्धामिन यति चस्तम ।
वहति गिरीरयं विलम्बीघन्ताद्यपरिवारितावारणन्द्रलीलाम ॥ (૩)

આ શ્લોકથી કવિને  घणटामाघનું બિરુદ મળ્યું હતું. કવિ કહે છે કે અહીં મૃગો ભ્રમણ કરી રહ્યા છે, પ્રિયાઓ સાથે સિદ્ધો સંચાર કરી રહ્યા છે, રાત્રિ સમયે અહીં ઔષધિઓ ચમકારા મારે છે તથા કિન્નરો વિહાર કરે છે. આમ અહીં રૈવતક પર્વતનું સુંદર વર્ણન જોવા મળે છે.

**સર્ગ–૫ :**

આ સર્ગમાં સુંદર રૈવતક પર્વતને જોઈને કૃષ્ણ ત્યાં જ સેનાનો પડાવ નાખે છે. મદોન્મત ગજરાજો, અ ો, રથપંક્તિઓ તથા ઊંટ વગેરે બધા ત્યાં જ રોકાય છે. અહીં કેટલાક સૈનિકો રમણીઓ સાથે પર્વતની કન્દરાઓમાં વિહાર માટે જાય છે, તો કેટલાક ગાઢ વૃક્ષોની છાયામાં આશરો લે છે. જ્યારે બીજી બાજુ બળદો શાંતિપૂર્ણ વાગોળવાની ક્રિયામાં જ મસ્ત છે. ભગવાન યાદવ એક છાવણીમાં આરામ કરી રહ્યા છે.



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-73-may-2019/RRJ000020

**સર્ગ–૬ :**

આ સર્ગમાં ઋતુવર્ણન સરસ રીતે કર્યું છે. હવે છે ઋતુઓ જાણે કે એક સાથે કૃષ્ણની સેવામાં હાજર થઈ છે. અહીં હેમંત, શિશિર તેમજ વર્ષાઋતુનું સુંદર વર્ણન આવે છે. કવિ વર્ષાનું વર્ણન કરતા કહે છે કે–

स्फुरधीरताडीन्नयना मुहु: प्रियमिवागलितोरुपयोधरा ।

जलधरावलिरप्रतिपालीतस्वसमया समयाज्ज्गतिधरम ॥

અર્થાત્–

'જેમ ચંચલ નયન તથા પુષ્ટ યૌવનવાળી નાયિકા સંકેતિત સમયે પ્રતીક્ષા કરતા પોતાના પ્રિયતમ તરફ અભિસરણ કરે તેવી રીતે ચંચલ વિદ્યુતરૂપી નયનવાળી અને જેના પયોધર (વાદળ) હજુ ગલિત થયાં નથી તેવી જલધારાવલિ, જગતીધર–રૈવતક (પોતાના પ્રિયતમ)ને મળવા જઈ રહી છે.''(૪)

**સર્ગ–૭ :**

આ સર્ગમાં કૃષ્ણ અને યાદવોનું પોતપોતાની પ્રિયતમા સાથેનું વનવિહારનું સુંદર વર્ણન કવિએ કર્યું છે. બધા યાદવો કામકલામાં પ્રવૃત્ત થઈ રહ્યા છે. કામિનીઓ જાતજાતના મનોભાવ બતાવી કામીવૃન્દ સાથે ક્રીડા કરી રહી છે. આમ ક્રીડા વર્ણનમાં જ સાતમો સર્ગ પણ પૂરો થાય છે.

**સર્ગ–૮ :**

વન–વિહાર કરીને થાકેલું યાદવાંગનાઓનું વૃન્દ હવે જળાશય તરફ જઈ રહ્યું છે. મોર– ઢેલ, હંસ–હંસી બધુ જ પક્ષી વૃન્દ પણ કામાસક્ત છે. તેના વાતાવરણમાં અંગનાઓ પોતાના પ્રિયતમા સાથે જલક્રીડા કરે છે. આટલો સમય વિતતા ભગવાન સૂર્યનારાયણ પોતાના ઘરે પાછા ફરે છે અને આઠમો સર્ગ સમાપ્ત થાય છે.

**સર્ગ–૯ :**

જલક્રીડા કર્યા પછી કામિનીઓ પોતાના નિવાસ–સ્થાનમાં જાય છે. કમલ–લતા બીડાઈ રહી છે. કુમુદલતા ખીલી રહી છે. બીજી બાજુ કામવાસના વધી જતા કામિનીઓ પોતાના પ્રિયતમ સાથે વિવિધ પ્રકારની કામકેલિઓમાં પ્રવૃત્ત થાય છે.

**સર્ગ–૧૦ :**

આ સર્ગમાં કામિનીઓનું સુરત વર્ણન કર્યું છે. જયાં પ્રિયા અને પ્રિયતમો સુરત સંગ્રામમાં પ્રવૃત્ત થયા છે ત્યાં મદ્યપાન કરતી વેળા એ મદ્ય કરતાં પણ વધુ સ્વાદિષ્ટ કામિનીઓના ઓષ્ઠને કામુકો પી રહ્યા છે. જાત–જાતની કામક્રીડાથી હવે પ્રિય–પ્રિયાઓ થાકી ગયા છે અને એટલામાં જ સવાર થવા આવ્યું છે.

**સર્ગ–૧૧ :**

પ્રાતઃકાલ થતાં કૃષ્ણને જાગૃત કરવા માટે ભાટ–ચારણો મધુર કંઠે ગાન કરે છે. પ્રભાતનો મંદ–મંદ વાયુ વાય રહ્યો છે, નાયિકાઓ સવારમાં ક્રીડાપ્રસંગને યાદ કરી લજ્જિત થઈ રહી છે, બ્રાહ્મણોએ અગ્નિહોત્રાદિ કર્મનો આરંભ કરી દીધો છે, સૂર્ય ધીમે–ધીમે પોતાનું તેજ પૃથ્વી પર પાથરી રહ્યો છે, આમ આ સમગ્ર સર્ગ પ્રભાતના સુંદર વર્ણનમાં પૂરો થાય છે.

**સર્ગ–૧૨ :**

સવાર પડતાં કૃષ્ણ પોતાના સૈન્ય સાથે આગળ પ્રયાણ કરે છે. અહીં કવિ માઘે યમુના નદી પાર કરતા સૈન્યનું સુંદર વર્ણન કર્યું છે. કવિ માઘે ગોદોહનનું સુંદર દશ્ય ખડું કર્યું છે. તેઓ કહે છે કે ગાયોના વાછરડાં તેમનાં ડાબા પગે બાંધેલાં છે. ગાયો તેમને પ્રેમથી ચાટી રહી છે. ગોવાળો ઘુંટણ ઉપર બોઘાણું મૂકી દોહી રહ્યા છે. દૂધ–દોહતા ઘરર–ઘરર અવાજ થાય છે. કૃષ્ણને આ દશ્ય તો બાળપણથી જ પ્યારું હતું. આમ અહીં ૧૨મો સર્ગ સમાપ્ત થાય છે.

**સર્ગ–૧૩ :**

કૃષ્ણનાં યમુના પારના સમાચાર સાંભળતા જ યુધિષ્ઠિર સ્વયં સૈન્ય સાથે તેનું સ્વાગત કરવા સામે આવે છે. કૃષ્ણને રથમાં બેસાડી સ્વયં તેનો સારથિ બને છે. અર્જુન છાત્ર ધરે છે. ભીમ ચામર ઢોળે છે. નકુલ–સહદેવ વિનિત ભાવે પડખે ઉભા છે. કૃષ્ણને જોવા આવેલી અને કામચેષ્ટાઓ કરતી નગર લલનાઓ ઉતાવળે ગળામાં હારને બદલે મેખલા ધારણ કરેલી છે.

**સર્ગ–૧૪ :**

ISSN : 2321- 4708
May 2019, Year - 5 (73)
Paper ID : RRJ000020

હવે ધર્મરાજ યુધિષ્ઠિર કૃષ્ણના વખાણ કરીને ભાવિ રાજસૂય યજ્ઞમાં સહાયક બનવા માટે પ્રાર્થે છે. આ સર્ગમાં યજ્ઞનું સુંદર વર્ણન કર્યું છે. હવે યજ્ઞમાં કૃષ્ણની અગ્રપૂજા કરવાની સલાહ ભીષ્મપિતામહ આપે છે. આથી યુધિષ્ઠિર કૃષ્ણને પ્રથમ અર્ધ્ય આપે છે. ત્યાં સર્ગ પૂરો થાય છે.

**સર્ગ–૧૫ :**

આ સર્ગમાં કૃષ્ણની અગ્ર–પૂજાથી ક્રોધે ભરાયેલો શિશુપાલ યુધિષ્ઠિર, કૃષ્ણની નિંદા કરે છે. ભીષ્મ શિશુપાલને ફટકારે છે. આથી શિશુપાલ કૃષ્ણને અનેક કટુ વચન કહી ત્યાંથી પોતાની શિબિરમાં જતો રહે છે. શિશુપાલ યુદ્ધ માટે આમંત્રણ મોકલી યુદ્ધની તૈયારી કરે છે. શિશુપાલના સૈનિકો મદ્યપાન કરી રહ્યા છે. અંતમાં યુદ્ધનાં અનેક અપશુકનો સાથે સર્ગ પૂરો થાય છે.

**સર્ગ–૧૬ :**

યુદ્ધનું આહ્વાન કરવા માટે મોકલેલા શિશુપાલના દૂતના શબ્દોમાં ઉપરથી સ્તુતિ અને અંદરથી નિન્દાનો અર્થ નીકળે છે. પછી કૃષ્ણના સંકેતથી તેમનો દૂત સાત્યકિ પેલા દૂતે કહેલ વચનોનો જવાબ આપે છે. પરંતુ આ બધું ન સાંભળતો હોય તેમ શિશુપાલનો દૂત પોતાની પ્રશંસા કરીને પોતાના સ્વામીના પરાક્રમોનું વર્ણન કરે છે ત્યાં આ સર્ગ પણ સમાપ્ત થાય છે.

**સર્ગ–૧૭ :**

શિશુપાલના દૂતનાં ગર્વભર્યા વચનો સાંભળીને કૃષ્ણ પક્ષીય નૃપતિઓમાં એક સંક્ષોભ વ્યાપી જાય છે. આમ છતાં કૃષ્ણ અને ઉદ્ધવ પૂર્ણ શાંત રહે છે. કૃષ્ણપક્ષના શુરવીરો યુદ્ધ માટે તૈયાર થયા છે, ચતુરંગી સેના પણ સજ્જ છે અને હવે તે પણ યુદ્ધ માટે પ્રયાણ કરે છે. અહીં સત્તરમો સર્ગ પૂરો થાય છે.

**સર્ગ–૧૮ :**

આ સર્ગમાં કૃષ્ણ અને શિશુપાલની સેનાઓના તુમુલ યુદ્ધનું સુંદર વર્ણન કવિ માઘે કર્યું છે. આ સર્ગમાં મહાકવિ માઘનું યુદ્ધસંબંધી રાજનીતિ જ્ઞાનનો પરિચય જોવા મળે છે.

**સર્ગ–૧૯ :**

આ સર્ગમાં બલરામ તથા નરકાસુરના પુત્ર વેણુદારીના યુદ્ધનું વર્ણન આવે છે. કૃષ્ણની સેના શિશુપાલની સેનામાં ઘૂસી જઈને ભયંકર યુદ્ધ આદરે છે. શિશુપાલ કૃષ્ણની સેનાને અટકાવે છે. ત્યાં સ્વયં કૃષ્ણ આવીને ઉભા રહે છે.

આ સર્ગમાં કવિએ ઘણા–બધા દ્વયાક્ષર શ્લોકોની રચના કરી છે. કૃષ્ણની બાણવૃષ્ટિ સાથે સર્ગ સમાપ્ત થાય છે.

**સર્ગ–૨૦ :**

આ સર્ગમાં કૃષ્ણ અને શિશુપાલનાં ભયંકર યુદ્ધનું વર્ણન છે. ક્રોધે ભરાયેલો શિશુપાલ જેવાં અસ્ત્રોનો પ્રયોગ કરે છે, ભગવાન તેની સામે તેવાં જ શામક અસ્ત્રો ફેંકે છે. અહીં નાગાસ્ત્ર, ગરુડાસ્ત્ર, આગ્નેયાસ્ત્ર, પર્જન્યાસ્ત્ર વગેરે જેવા અસ્ત્રોનો પ્રયોગ જોવાં મળે છે. શિશુપાલના દરેક અસ્ત્રને નિષ્ફળ બનાવતા કૃષ્ણને શિશુપાલ અશિષ્ટ એવા મર્મભેદી વચનો સંભળાવે છે. શિશુપાલના બધા ગુના પૂરા થતા અને આવાં વચનો સહન ન થતાં કૃષ્ણ સુદર્શન ચક્ર વડે તેનું મસ્તક કાપી નાખે છે. બધા જ દેવો પુષ્ટવૃષ્ટિ કરે છે. શિશુપાલના શરીરમાંથી નીકળેલું દિવ્ય તેજ કૃષ્ણના શરીરમાં વિલીન થઈ જાય છે. આમ અહીં કવિ માઘ મહાકાવ્યને પૂરું કરે છે.

સંદર્ભ

**'शिशुपालवधम्'** ||४ /२०||

**'शिशुपालवधम्'** ||६ /२७||